# IIT ગાંધીનગરમાં નવા 142 વિદ્યાર્થીઓ

**અમદાવાદ** | આઈઆઈટી ગાંધીનગરમાં તા. 21 જુલાઈને સોમવારે વર્ષ 2014-18ની બીટેક બેચનો પ્રારંભ થયો હતો. આ બેચમાં દેશના 19 રાજ્યોમાંથી કુલ 142 વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો છે જેમાં સૌથી વધારે મહારાષ્ટ્રના 33 અને રાજસ્થાનના 24 વિદ્યાથીઓનો સમાવેશ થાય છે. ગુજરાતના વિદ્યાર્થીઓની સંખ્યા ગત વર્ષે 17થી વધીને આ વર્ષે 21 પર પહોંચી છે.